હિંમતનગર ખાતેથી જિલ્લા કક્ષાના ૬૫માં વન મહોત્સવનો શુભારંભ

વાવે ગુજરાતના દૃઢ સંકલ્પથી જ ગુજરાતને હરિયાળું બનાવીએ : રજનીકાન્ત પટેલ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના -ભારી અને ગૃહ રાજયમંત્રી રજનીકાન્ત પટેલે જિલ્લા કક્ષાના ૬૫મા વન મહોત્સવનો શુભારંભ દીપ -ગટાવી કરાવ્યો હતો.

રાજય કક્ષાનો ૬૫મા વન મહોત્સવનો -રંભ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજકોટના કાગવડ ખાતેથી કરાવ્યાનું જણાવી મંત્રીએ રાજય સરકારના ગાંધીનગર ખાતે યોજાતાં કાર્યક્રમોને જિલ્લા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ઉજવાતાં કાર્યક્રમોને તાલુકા કક્ષાએ ઉજવવાનું શરૂ કરતાં છેવાડાના માનવી સુધી મહોત્સવોની મહેક -સરી હોવાનું જણાવ્યુ હતું.

ચાલુ વર્ષે તાલુકાના ગામવાર રૂટ નિયત કરી ગામડાઓમાં વધુને વધુ વૃક્ષો વાવીને હરિયાળુ ગુજરાત બનાવી, છોડમાં રણછોડની વિભાવનાને ચરિતાર્થ કરવા વન વિભાગ કટિબધ્ધ હોવાનું ઉમેર્યુ હતું. ૨૦૦૪થી રાજયમાં વિવિધ ધાર્મિક સ્થળોએ પુનિત વન, માંગલ્ય વન, હરિહર વન, તીર્થંકર વન, ભક્તિ વન અને શ્યામળ વન, સહિત સપ્તર્ષિ વન, નક્ષત્ર વન અને રાશી વન જેવા વનોનું નિર્માણ કરવાની સાથે વૃક્ષોનો ઉછેર થકી ગુજરાતને હરીયાળુ કરવાની પણ વન વિભાગે કર્યાનું મંત્રીએ કહ્યું હતું. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ લોકોના સહયોગથી વન વિસ્તારને વધારી -દુષણ જેવા -શનોનું નિરાકરણ લાવી શકાય તેમ જણાવી ગામે ગામ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાય તેવુ જણાવ્યું હતું.

મંત્રીએ વાવે ગુજરાત કાર્યક્રમને સાર્થક કરવા ગામની પડતર જમીનમાં કે ખેતરોના શેઢા-પાળા ઉપર દેશી કુળના અથવા ફળાઉ વૃક્ષોનું વધુને વધુ વાવેતર કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

વન વિભાગના મેડીસીનસ પ્લાન બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી જગદીશ-સાદે વન વિભાગે દેશીકુળના વૃક્ષોના રોપાઓનું વિતરણ કરી સમાજમાં નવી ચેતના લાવી વૃક્ષ -મ જાગૃત્ત કરવાનું કામ કર્યાનું શ્રી -સાદે જણાવી માનવજાતને ઉપયોગી એવા ઔષધિય ગુણો ધરાવતાં વૃક્ષોની સવિસ્તાર માહિતી આપી હતી.

જિલ્લા સમાહર્તા શ્રી બંછાનિધિ પાનીએ -સંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. કાર્યક્રમમાં હિંમતનગર નગરપાલિકાના -મુખ શંકરભાઇ કહાર, તાલુકા પંચાયતના -મુખ શ્રીમતી ચેતનાબેન પટેલ, જિલ્લા અગ્રણી પૃથ્વીરાજ પટેલ, કૌશલ્યા કુંવરબા, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસ વડા -વિણ માલ સહિત વન વિભાગના અધિકારીઓ, શહેરીજનો તથા શાળાના વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

અરવલ્લી જિલ્લામાં ગૃહમંત્રીના સાનિધ્યમાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા નિર્ધારીત કરેલ કાર્યક્રમના ઉપક્રમે અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મોડાસા હાઈસ્કૂલના મેદાનમાંથી ગૃહમંત્રીની ઉપસ્થિતિમાં મહિલાઓ સશક્ત અને આત્મનિર્ભર બને તે માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓની વિદ્યાર્થીનીઓ, શિક્ષિકા બહેનો, મહિલા જિલ્લા પોલીસ, આંગણવાડી કાર્યકર બહેનો, આશાવર્કર, ભાગ્યલક્ષ્મી નર્સીંગ સ્કૂલની વિદ્યાર્થીનીઓ, ભાજપ મહિલા મોરચો તેમજ મોડાસા નગરની હેનો ઉપસ્થિત રહી હતી. ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા કલેક્ટર, અરવલ્લી જિલ્લા પોલીસ વડા દ્વારા રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ગૃહમંત્રીના જણાવ્યા અનુસાર ૧ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટનું પખવાડીયુ આખુ મહિલા સશક્તિકરણના કાર્યક્રમો ગુજરાત રાજ્યમાં ઉજવવામાં આવશે. ગુજરાતના બજેટમાં મહિલાઓ માટે વિશેષ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો હેતુ મહિલાઓ નિડરપણે દુશ્મનોનો કઈ રીતે સામનો કરવો તથા આત્મનિર્ભર કઈ રીતે બનવુ તથા તેમના ઉપર થતા અત્યાચારોનો સામનો કઈ રીતે કરો તે હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ડૉ. ડી.એમ. દવે, કોલેજ કેળવણી મંડળ પ્રમુખ અરૂણ શાહ, બીપીનભાઈ શાહ, સુભાષભાઈ શાહ, નિલેષ જોષી, ડૉ. સંતોષ દેવકર, નિતીનભાઈ પંડ્યા, આર.જી. વણકર, ધીરૂભાઈ પ્રજાપતિ તેમજ મોડાસા નગર પાલિકા પ્રમુખ આર.એસ. પટેલ હાજર રહ્યા હતા.

સવગઢ પ્લોટ કૌભાંડમાં ૩ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

બોગસ દસ્તાવેજના આધારે પ્લોટ વેચી દીધા હતા

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના સવગઢ ગામે કેટલાક શખ્સોએ ૨૦ જેટલા પ્લોટો ગેરકાયદેસર રીતે બોગસ દસ્તાવેજના આધારે મૂળ માલીકને અંધારામાં રાખી વેચી દીધાનું કૌભાંડ બહાર આવતાં આ અંગેનો મામલો સીટ સમક્ષ જતાં જિલ્લા કલેક્ટર બંછાનિધિપાનીની રાહબરીમાં થયેલ તપાસ બાદ ત્રણ જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવની વિગત અનુસાર સવગઢ ગ્રામ પંચાયત હસ્તકના સર્વે નં. ૨૦૫ તથા ૧૩૭ પૈકીના ૨૦ જેટલા પ્લોટો કેટલાક ઈસમોએ બોગસ દસ્તાવેજના આધારે વેચી દીધા હતા. જે અંગે પ્લોટ ધારક મહેમુદમીંયા ઉસ્માનમીયાં કાદરી તથા અન્ય ૧૦ પ્લોટ ધારકોને ખોટુ થયાનું ધ્યાને આવતાં તેમણે કલેક્ટર બંછાનિધિપાની સમક્ષ પુરાવા સાથે રજુઆત કરી હતી. જેની તપાસ પ્રાંત અધિકારી એમ.કે. વ્યાસને સોંપવામાં આવી હતી. પ્રાંત અધિકારીએ સવગઢ ગ્રામ પંચાયતમાંથી જરૂરી દસ્તાવેજો મેળવી અભ્યાસ કર્યો હતો. જેમાં નિયમ વિરૂદ્ધ થયાનું બહાર આવ્યું હતું. અને સમગ્ર પ્લોટ કૌભાંડનો પર્દાફાશ થતાં હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં સીટના સભ્ય ગણાતા જિલ્લા પોલીસવડા પી.એલ. માલના આદેશથી મહેમુદમીયાં કાદરીએ અબ્દુલમજીદ અબ્દુલ સત્તાર મેમણ, મહમદઆરીફ મહમદનીફ શેખ અને સાજેરાબાનુ અબ્દુલ મજીદ મેમણ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પી.એસ.આઈ. કે.વી. ગોહિલ ગુનો નોંધી તપાસ ચલાવી રહ્યા છે.

બાબા અમરનાથ બર્ફાનીના દર્શને શ્રદ્ધાળુઓ - બનાસકાંઠા જિલ્લાના ૧૬૦ શ્રદ્ધાળુઓ 'બાબા બુઢા અમરનાથ'ની જાત્રાએ જવા પાલનપુર રેલવે સ્ટેશનથી રવાના થયા હતા. આ શ્રદ્ધાળુઓ સાથે બજરંગદળ અને વિશ્વ હિન્દ પરિષદના કાર્યકરો પણ જોડાયા હતા. આ યાત્રાળુઓને કુમકુમ તિલક કરી પુષ્પગુચ્છ આપી સુખદ યાત્રા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે રેલવે સ્ટેશન પર હાજર રહેલા તેમના પરિવારજનોએ જય હો બાબા અમરનાથ બાબા બર્ફાનીના જયકારા લગાવ્યા હતા. (તસવીર : હરેશ જોશી, પાલનપુર)

મોડાસા ટાઉનપોલીસ દ્વારા પિસ્તોલ સાથે એક શખ્સની અટકાયત

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા દ્વારા ખૂબ જ પ્રશંસનીય કામગીરી થઈ રહી હોય મોડાસાની જનતાએ હાંશકારો અનુભવ્યો છે. અરવલ્લી જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ મોડાસા ટાઉન પોલીસ દ્વારા મોડાસા તેમજ આજુબાજુના વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીંગ સખત બનાવવામાં આવ્યું છે. તેના પગલે મોડાસા ટાઉનની નાઈટ પેટ્રોલીંગ કરતી ટીમ દ્વારા આજે સવારે ૪.૪૫ ના આસપાસના સમયે મોડાસાના હાર્દસમા બાલાજી કોમ્પલેક્ષની આગળથી લોડેડ દેશી બનાવટની બંદૂક સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સની કડકાઈપૂર્વક સખત તપાસ કરતા પોતાનું નામ મેન્દાલ હુકા ડામોર (ઉ.વ.૨૩) રહે. બાલાવાસ, જી. જાંબુઆ (મધ્યપ્રદેશ) હોવાનું કબુલ કરેલ છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા પો.સ.ઈ. એમ.ડી. ચંદ્રાવાડિયા ટાઉન પોલીસે ધરપકડ કરેલા શખ્સ સામે પરવાના વગર પ્રાણઘાતક શસ્ત્રો રાખવાના ગુના હેઠળ પકડેલ છે. આરોપી જોડેથી દેશી બનાવટની પિસ્તોલ અંદાજે કિંમત રૂપિયા દસ હજાર તથા જીવતા કારતુસ-૨ કિંમત રૂપિયા બસ્સો તથા માઈક્રોમેક્સ કંપનીનો મોબાઈલ કિંમત રૂ. ૧૦૦૦ એમ કુલ મળી રૂપિયા ૧૧,૨૦૦ ના મુદ્દામાલ સહીત કોગ્નીઝેબલ ગુના કરવાના કે હથીયારની હેરાફેરી કરવાના ઈરાદે મળી આવી. માહે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.

ડીસા ખાતે લોકસંવાદ સેતુમાં ૨૩૪ પ્રજાલક્ષી પ્રશ્નો : પાલિકા પર પસ્તાળ

ડીસા, તા. ૨

ડીસા નાયબ કલેક્ટર કચેરી ખાતે ગતિશીલ ગુજરાત લક્ષ્ય અંતર્ગત લોકસંવાદ સેતુનું પ્રભારી મંત્રીશ્રી રમણલાલ વોરા મંત્રી સામાજિક ન્યાય અને અધિકારીતાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં જેટલા અરજદારોએ ૨૩૪ જેટલા પ્રજાલક્ષી પ્રશ્નો પૂછ્યા હતા. જેમાં પ્રભારી મંત્રીએ સંબંધીત હાજર અધિકારીને ઘટતુ કરવાની સૂચના આપી મોટા ભાગની સમસ્યાઓ ઝડપથી ઉકેલવાની કવાયત હાથ ધરી હતી.

તસ્વીર- ધનેશ પરમાર- ડીસા

આમ જિલ્લાકક્ષાએ યોજાયેલા ડીસા ખાતેના પ્રથમ લોક દરબારમાં રજુ થયેલા ૨૩૪ જેટલો પ્રજાલક્ષી પ્રશ્નોમાંથી મોટા ભાગના પ્રાણ પ્રશ્નોની ઉકેલવાની હૈયાધારણ આપી હતી અને સરકાર સામે ચાલીને તમારી સમસ્યા જાણવા માંગે છે તેવું પ્રભારી મંત્રીએ ઉમેર્યું હતું. આમ એકંદરે લોક દરબાર લોક સમસ્યા ઉકેલવાનું એક ઉમદા માધ્યમ હાજરજનોને લાગતુ હતુ. આ લોક દરબારમાં અન્ય એક ફરિયાદી ભરતભાઈ સુન્દેશાએ ડીસા પંથકમાં રાણપુર રોડ કામ સાથે બનાસ નદી પટમાં લીઝ ધારકો દ્વારા થતી ખનીજ ચોરી બાબતે ફરિયાદ કરી તપાસની માંગ કરી હતી. અને પુરાવા રૂપે સીડી આપતા સનસની મચી હતી, જે બાદ મંત્રીશ્રી રમણલાલ વોરાએ ખાન-ખનીજ વિભાગના જિલ્લા અધિકારી યુ.પી. સિંહને તતડાવી નાખ્યા હતા અને જિલ્લાની તમામ લીઝોનું રેકર્ડ કલેક્ટરે દિન-૩માં તેમના હસ્તક લઈ તપાસ કરવા કડકાઈએ સૂચના આપી હતી.

આ લોક દરબારમાં સહુથી વધુ પ્રશ્નો ડીસા તાલુકા પંચાયત ૫૦, માર્ગ અને મકાન વિભાગના ૪૪, મામલતદાર કચેરીના ૩૩, વિજ વિભાગનાં ૧૩ જ્યારે નગરપાલિકાનાં ૩૭ પ્રશ્નો સહિત લગભગ તમામ વિભાગનાં પ્રશ્નો સહીત ૨૩૪ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. જેમાં ૧૨૯ પ્રશ્નો હકારાત્મક જ્યારે ૬૫ પ્રશ્નો નકારાત્મક જ્યારે ૪૦ પ્રસ્નો નીતિ વિષયક હોવાનું વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલ છે. જો કે ડીસા નગરપાલિકા ઉપર લોકોએ પ્રશ્નોની ઝડી વરસાવતા મંત્રી અકળાઈ ઉઠ્યા હતા. અને તે બાદ તેમને નગરપાલિકા લગતા પ્રશ્નો તેમની રૂબરૂ અટકાવ્યા હતા. અને આ પ્રશ્નો માટે ડીસાના એસ.ડી.એમ. દિગંત બ્રહ્મભટ્ટને દિન ૩૦ની મહેતલ આપી નિકાલ કરવાની સૂચના આપી હતી.

મોડાસામાં ટ્રાફિકના નિયમોની ટ્રાફિક પોલીસ દ્વારા જ ઐસી તૈસી

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાની નવરચના થયા પછી મોડાસાને જિલ્લા વડુ મથક જાહેર કરેલ હોવાથી મોડાસા નગરમાં અરવલ્લી જિલ્લામાં સમાવેશ તાલુકાઓ અને ગામડાઓના લોકોની અવર જવર ખુબ જ વધી ગઈ હોવાથી ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયમો જાળવવામાં સરેઆમ નિષ્ફળ ગયેલ છે.

મોડાસા બસ સ્ટેન્ડ એરીયા પાછળથી રામપાર્ક સોસાયટી સર્કલ સુધીનો પાર્કિંગઝોન જાહેર કરવામાં આવેલ છે. મોડાસા બસ સ્ટેન્ડ એરીયાની પાછળ અરવલ્લી જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ જેવી કે કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી, માહિતી વિભાગ, સિંચાઈ વિભાગ જેવી મહત્વની ઓફીસો આવેલ હોવાથી આ એરીયામાં વાહનોનો ટ્રાફિક અને પબ્લીકની અવરજવર વધારે હોવાથી અરવલ્લી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા મોટા ફોર વ્હીલર વાહનો માટે નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. છતાં પણ ટ્રાફીક પોલીસની નિષ્ક્રિય કાર્યવાહી કે પછી વહાલા દવલાની નિતી જે ગણો તે બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં મોટા વાહનો અને ફોર વ્હીલર સાધનો ગમે તે જગ્યાએ પાર્ક કરીને જતા રહે છે. છતાં ટ્રાફિક પોલીસ જાણે ઘોર નિંદ્રામાં હોય તેમ કોઈ દંડનીય કામગીરી કરવામાં આવતી નથી. જેથી આ ટેવાઈ ગયેલા મોટા વાહનો દ્વારા બેફામ બની ગમે તે પાર્ક કરવામાં આવે છે. જ્યારે સામાન્ય માણસો ટુ-વ્હીર લઈને આવતા હોવાથી અને પાર્કિંગ લાઈનની અંદેર પાર્ક કરવામાં આવતા હોવા છતાં પણ તેમને હેરાન કરવામાં આવે છે. અને જો થોડીક જ ભુલ થઈ હોય છતાં પણ આવા ટુ-વ્હીલર વાળા લોકોને દંડવામાં આવે છે. જાણે ટ્રાફીક પોલીસના મગજમાં એવુ ભરાઈ ગયું લાગે છે કે આ ટ્રાફીકનું કારણ ટુ વ્હીલર વાળા જ લોકો છે. અને તેમનાથી જ ટ્રાફિક જળવાતો નથી. જ્યારે મોટા વાહનચાલકો સામે કોઈ જ શિક્ષાત્મક પગલા ભરવામાં આવતા ન હોવાથી ભ્રષ્ટાચારની બદબુ આવી રહી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

કલેક્ટર કચેરી અને મામલતદાર કચેરી આગળ જ લોકો ફોર -વ્હીલર વાહનોનો ખડકલો જોવા મળતો હોવાથી ટ્રાફિક પોલીસ કોઈ જ કાર્યવાહી કરતુ નથી તો આને વ્હાલા દવલાની નિતી જ સમજવી કે પછી ભ્રષ્ટાચાર એજ જનતાને સમજાતુ નથી. ટ્રાફિક પોલીસનો કાયદો ફક્ત ટુ વ્હીલર વાળાને જ લાગુ પડતો હોવાનુ જણાઈ રહ્યું છે.

પ્રાંતિજમાં દિકરી દિવસ અંગે રેલીનું આયોજન

પ્રાંતિજ ખાતે મહિલા સશક્તિકરણ અભિયાનના ભાગરૂપે દિકરી દિવસ ઉજવણીની રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક, પોગલુ પીએચસીના ડૉ. મેહુલ ચોપડા, મજરાના ડૉ. યાદવ, ડૉ. મોદી એ તાલુકાના તમામ પીએચસી, યુએસસી ફિમેલ હેલ્થ વર્કરો, એમપીએચડબલ્યુ તેમજ આશા વર્કર્સ તથા ફેસીલીટર બહેનો જોડાઈ હતી. આ રેલી બેનરો અને સૂત્રોચ્ચાર દ્વારા બેટી બચાવોના સંદેશ સાથે પ્રાંતિજના મુખ્ય માર્ગો પર ફરી હતી. આ ઉપરાંત આ રેલીમાં મહિલાઓ પરના અત્યાચારો રોકવા તથા સમાજમાં મહિલાઓને સન્માનજનક સ્થાન મળે તે માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

પ્રાંતિજમાં પાકીટ ચોરતી સાત વર્ષની બાળા રંગે હાથ ઝડપાઈ

પોલીસ પુછપરછમાં બાળાએ મા-બાપ વિશે કોઈ જ માહિતી ના આપી : બાળાને બાળસરંક્ષણ કેન્દ્રમાં મોકલી અપાઈ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મેઈન બજારમાં એક ઈસમનું પૈસા ભરેલુ પાકીટ એક સાત વર્ષની બાળા ઉઠાવીને ભાગતા લોકોએ ઝડપીને પોલીસના હવાલે કરી દીધી હતી. પોલીસે આ બાળકીની પુછપરછ કરીને તેને બાળ સંરક્ષણ કેન્દ્રમાં મોકલી આપેલ છે.

પ્રાંતિજના મેઈન બજારમાં ભરચક વિસ્તારમાં બપોરના સમયે ખરીદી કરવા આવેલ બોરિયા સીતવાડા ગામના રામસિંહ રાઠોડ કરિયાણાની દુકાન પરથી ખરીદી કરી રહ્યા હતા ત્યારે આશરે સાત વર્ષની બાળા તેમના બાઈક પર લટકાવેલ રૂપિયા પાંચ હજાર ભરેલુ પાકીટ લઈને ભાગી હતી. આ બાળા પર નજર પડતા જ રામસિંહે બુમાબુમ કરી મુકી હતી. જેથી બજારમાં વેપારીઓ અને લોકોએ બાળકીને પકડવા પાછળ દોટ મુકી હતી. બાળકી દોડીને મહેબુબ ગલીમાં ઘુસી ગઈ પરંતુ આગળ રસ્તો ના મળવાથી પકડાઈ ગઈ હતી. લોકોએ આ બાળકીને પકડીને ભાંખરિયા પોલીસ ચોકી પર પોલીસના હવાલે કરી દીધી હતી.

ચોકી પર હાજર જમાદાર મનહરભાઈ શર્મા અને સ્ટાફે બાળકીની ઝીણવટભરી પુછપરછ કરી પરંતુ બાળશકીએ તેના માતા-પિતા વગેરે વિશે કોઈજ માહિતી આપી નહોતી. છેવટે પોલીસે આ બાળાને બાળ સંરક્ષણ કેન્દ્રમાં મોકલી આપી હતી. જ્યારે રામસિંહ રાઠોડે તેમના પાકીટમાં રહેલ રૂપિયા પાંચ હજાર બચી જતા ઈશ્વરનો પાડ માન્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦